Registration No.: RCS/76/2012
Filing No.: RCS/76/2012
Filed On: 11/07/2012
Registered On : 11/07/2012

**IN THE TALUKA COURT AT PADRA**

**REGULAR CIVIL SUIT NO. 76 OF 2012.**

**Plaintiff:**

1. NARPATSINH UDESINH SISODIYA
   AT. MAHUVAD, PADRA
   TA. PADRA
   VADODARA

2. DEVBEN UDESINH SISODIYA
   AT. MAHUVAD, PADRA
   TA. PADRA
   VADODARA

3. ANANDBEN UDESINH SISODIYA
   AT. MAHUVAD, PADRA
   TA. PADRA
   VADODARA

4. LT. SAMANTSINH UDESINH SISODIYA
   AT. MAHUVAD, PADRA
   TA. PADRA
   VADODARA

5. ARVINDSINH UDESINH SISODIYA
   AT. MAHUVAD, PADRA
   TA. PADRA
   VADODARA

6. GANPATSINH UDESINH SISODIYA

AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**7.** BAIRAJBEN UDESINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**VERSUS**

**Defendant:**

**1.** DOLATSINH DALPATSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**2.** BACHUBHAI DALPATSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**3.** JASWANTSINH DALPATSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4.** LT. AMARSINH DALPATSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4-1.** SAVITABEN AMARSINH
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4-2.** DHARMENDRA AMARSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4-3.** ANITABEN AMARSINH
AT. MAHUVAD, PADRA
TA PADRA
VADODARA

**4-4.** KOKILABEN AMARSINH
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4-5.** MINABEN AMARSINH
AT. MAHUVAD, PADRA
TA PADRA
VADODARA

**4-6.** VASANTIKA AMARSINH
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**4-7.** YOGITABEN AMARSINH
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**5.** PRATAPSINH DALPATSINH SISODIYA
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**6.** CHATUR PUNJABHAI VANKAR
AT. MAHUVAD, PADRA
TA. PADRA
VADODARA

**Appearance:**
P.L.DAVE For Plaintiff 4-1, 4-2, 4-3, 4-4, 1, 2, 3, 5, 6, 7

R.R.PARMAR For Defendant 4-1, 4-2, 4-3, 4-4, 4-5, 4-6, 4-7, 1, 2, 3, 5
K.K.PARMAR For Defendant 6

**ORDER**

**Date : 31-05-2013** **( P. B. NAYAK )**
**Place : PADRA** **TALUKA COURT, PADRA.**

**રે.મુ.નંબરઃ– ૭૬/૨૦૧૨ ના કામમાં વાદીની આંક–૫ ની અરજી લગત હુકમ..**

**(૧)** આ કામે વાદી તર્ફે અપાયેલ આંક–૫ ની મનાઈ અરજી તથા દાવા અરજી સાથે રજુ કરવામા આવેલ આંક–૪ના દસ્તાવેજી પુરાવા રજુ કરાયેલ છે જે વંચાણે લીધેલ છે તથા આ કામે પ્રતિવાદીઓને પ્રોસેસની ધોરણસર બજવણી થઈ જતા આ કામના પ્ર.વાદી નં.૬ નાએ વેચાણ દસ્તાવેજ રદ્દ બાતલ તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ બાબતેનો આંકઃ૧૯થી જવાબ રજુ કરેલ છે તેમજ આંકઃ૨૧થી પ્ર.વાદી નં.૬નાએ સી.પ્રો.કો.૩૯ રૂ.૧,૨ તથા ક.૯૪ અને ૧૫૧ મુજબ વચગાળા કામચલાઉ મનાઈ હુકમ મળવા બાબત અરજનો જવાબ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. તથા આ કામના પ્ર.વાદી નં.૧,૨,૩,૪/૧,૪/૨,૫ તરફે વાદીના દાવો તથા મનાઈ અરજનો લેખીત જવાબ આંકઃ૨૪ થી રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. તથા પ્ર.વાદી નં.૬ તરફે આંકઃ૨૦થી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરાયેલ છે જે વંચાણે લીધેલ છે. તથા આ કામે પ્રતિવાદી નં.૪/૩ થી ૪/૭ ને પ્રોસેસની બજવણી થઈ ગયેલ હોવા છતા તેઓ ના.કોર્ટમાં હાજર રહેલ નથી કે જવાબ રજુ કરેલ નથી તેથી સદરહુ દાવો તેઓ વિરૂઘ્ઘ એકતર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.આ કામે વાદી તરફે ની.૮/૨ થી કોર્ટ કમીશ્નર ઘ્વારા પંચકયાસ રજુ કરાયેલ છે જે વંચાણે લીધેલ છે તથા આંકઃ૩૦ થી પ્ર.વાદીઓના જવાબ સામે વાદીનું કાઉન્ટર સોગંદનામું રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. ત્યારબાદ વાદી તરફે આંકઃ૫ ની મૌખીક દલીલો સાંભળેલ છે ત્યારબાદ આ કામમાં પ્રતિવાદી નં. ૧થી ૩, ૪/૧,૪/૨, ૫ તથા પ્ર.વાદી નં.૬ના વિ.વ.શ્રીની આંકઃ૫ની મૌખીક દલીલો સાંભળેલ

છે તેની ચર્ચા કારણોમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામે વાદી તરફે વિ.વ.શ્રી એસ.એમ.પટેલએ પોતાની મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીન કે જેનો જુનો સ.નં.૬૩/૧ નવો બ્લોક નં.૧૧૫/અ વાળી જમીન ગામ મહુવડ તા.પાદરાની સીમમાં આવેલી છે જે મીલકત પ્રતિવાદીઓના ગુજરનાર વડીલ દલપતસિંહ રાયસિંહ સિસોદિયાએ સદર વડીલોપાર્જીત મીલકત વહેંચણ માં તેઓને મળેલ નહિ હોવા છતાં પ્રતિવાદી નં.૬ના લાભમાં વેચાણ કરેલ છે અને જે અંગે સદર જમીનમાં નર્મદા કેનાલ પડેલ હોય તેના વળતરની રકમ મેળવવા માટે વાદીઓ પાસે એન.ઓ.સી.ની માંગણી કરતા વાદીઓને સદર મીલકતના વ્યવહાર અંગેની જાણ થયેલી વાદી અને પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલોના વખતથી મીલકતોની વહેંચણી તારીખઃ ૧૦/૮/૭૧ ના રોજ થયેલી તેની ગામ નમુના નં.૬ હકક પત્રકમાં નોંધ કરવામાં આવેલી તેમાં સદર દાવાવાળી મીલકત અંગેની નોંધ કરવામાં આવેલી નહિ. આમ, પ્રતિવાદી નં. ૧ થી ૫ ના વડીલના હિસ્સે સદર દાવાવાળી મીલકત આવેલી નહિ તેમ છતાં તેઓએ વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં.૬ ને સદર મીલકત વેચાણ આપી દીધેલ છે.

તેઓ પોતાની મૌખીક દલીલોમાં જણાવે છે કે, મૈયત દલપતસિંહ રાયસિંહ સિસોદીયાએ પ્ર.વાદી નં.૬ ને ગીરોલેખ રૂા.૫,૦૦૦/—માં દશ વર્ષ માટે તા.૨૬/૨/૭૧ ના રોજ કરી આપેલો તેમાં જણાવ્યા પ્રમાણે સદર જમીન દશ વર્ષ પછી પરત રૂા.૫,૦૦૦/— આપી સોંપી દેવાનો ઉલ્લેખ થયેલો ત્યારબાદ તા.૧૨/૫/૧૯૭૨ ના રોજ રૂા.૬,૦૦૦/—માં સદર મીલકત અંગેનો વેચાણ લેખ પ્રતિવાદી નં.૬ ના લાભમાં કરી આપેલો અને તેમાં રૂા.૫,૦૦૦/— શરતી વેચાણના મજરે આપેલાનો ઉલ્લેખ કરેલ છે. તા.૧૦/૮/૭૧ ના કૌટુંબિક વહેંચણીથી દલપતસિંહના ભાગમાં સદર મીલકત આવી ન હોવા છતાં વેચાણ દસ્તાવેજ કરી દીધેલ છે સદર વેચાણ અંગે નોંધ નંબરઃ ૧૬૦૮ જે નોંધ નામંજુર કરવામાં આવેલી તે સામુ નોંધ નંબર ૧૩૬૦ દાખલ કરવામાં આવેલી અને તેમાં સદર વેચાણ અંગેનો વ્યવહાર રદ્દ કરવામાં આવેલ અને વેચાણ આપનાર ને રૂા.૫૦/—નો

દંડ કરવામાં આવેલ છે આમ પ્રતિવાદીનં.૬ નાઓએ સદર મીલકત સંયુકત વડીલોપાર્જીત મીલકત હોય અને પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓના વડીલના હિસ્સે આવેલી ન હોવા છતાં ખોટુ અને ગેરકાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી દીધેલ છે જેથી પ્રતિવાદી કાયદેસરના ખરીદનાર ગણી શકાય નહિ અને સદર મીલકતમાં વાદીનો સંયુકત કબજો ભોગવટો ચાલતો હોય હેલો હરકત અંતરાય કરે નહિ તે અંગેનો મનાઈ હુકમ ફરમાવવામાં અરજ ગુજારેલ છે.

(૩) આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ તથા પ્રતિવાદી નં.૪/૧,૪/૨ તથા ૫ તરફે વિ.વ.શ્રી આર.આર.પરમારએ પોતાની મૌખીક દલીલોમાં જણાવે છે કે, તારીખઃ ૨૬/૨/૭૧ ના રોજ રૂપિયા ૫,૦૦૦/માં શરતી ગીરોથી વેચાણ આપેલ અને ત્યારબાદ તા. ૧૨/૫/૧૯૭૨ ના રોજ રૂ.૬,૦૦૦/– માં પાકો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૬ ને કરી આપેલ છે જે અંગે નોંધ નંબરઃ ૧૩૦૮ અન્વયે સદર વ્યવહારને એકત્રીકરણનો બાધ નડતો હોય તે નોંધ નામંજુર કરવામાં આવેલી. જેથી પ્રતિવાદી નં.૬ નાએ મે.વડોદરા કલેકટર કચેરી ખાતે કેસ નંબરઃ૧૧/૮૦ દાખલ કરેલી જે અંગે વેચાણ વ્યવહાર રદૃ કરેલ અને તેની નોંધ ૧૩૬૦ તા.૨૭/૫/૮૧ ના રોજ દાખલ કરવામાં આવેલી અને ત્યારબાદ નોંધ નં.૧૫૧૦ કે જે તા.૨૧/૫/૯૪ ના રોજ રેવન્યુ રેકર્ડે દાખલ કરવામાં આવેલ છે જે અન્વયે પ્રતિવાદી નં.૬ ને વેચાણ કરેલાનો વ્યવહારને એકત્રીકરણની સ્કીમનો બાધ નડતો ન હોવાથી નોંધ મંજુર કરવામાં આવેલ છે અને તે વેચાણ વ્યવહાર માન્ય રાખવામાં આવેલ છે. જે અન્વયે પ્ર.વાદી નં.૬ નાઓ સદર દાવાવાળી મીલકતમાં તેઓનું નામ તે ખોટી રીતે થયેલ વ્યવહારના આધારે દાખલ કરેલ છે આમ સદર વેચાણ વ્યવહાર અંગે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓની કોઈ સમંતી લેવામાં આવેલ નથી અને પ્ર.વાદી નં.૬ નાઓએ ખોટી રીતે કબજો કરેલો હોય અને પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ વિરૂઘ્ધમાં કોઈ આક્ષેપો ન હોય પ્રતિવાદી નં.૧ થી ૫ ના પુરતો સદર દાવો રદૃ કરવા અરજ ગુજારેલ છે.

**(૩.૧)** પ્રતિવાદી નં. ૬ ના તરફે વિ.વ.શ્રી કે.કે.પરમારનાઓએ પોતાની મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, સદર દાવાવાળી મીલકત અંગે પ્રતિવાદી નં.૬ ના પિતા પુંજાભાઈ મીઠાભાઈ સને ૧૯૫૧ થી સદર દાવાવાળી મીલકત ખેડતા આવેલા અને સદર મીલકત અંગે પ્રતિવાદીના પિતાએ શરતી વેચાણ કરેલો અને ત્યારબાદ તા.૧૨/૫/૧૯૭૨ ના રોજ તે જમીનનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૬ ને કરી આપેલો. સદર વેચાણ દસ્તાવેજમાં સાક્ષી તરીકે હાલના વાદીના ગુજરનાર પિતા તથા પ્રતિવાદી નં. ૧ થી ૫ ના મૈયત પિતાનો ઉલ્લેખ થયેલ છે. જે અંગેની નોંધ નં.૧૩૦૮ દાખલ થયેલ છે જે નોંધ નામંજુર કરવામાં આવેલી ત્યારબાદ નોંધ નંબર ૧૫૧૦ કે જે મંજુર કરવામાં આવેલ છે અને સદર વ્યવહારનું એકત્રીકરણ યોજના પહેલા થયેલ હોવાથી વેચાણ વ્યવહાર અંગેની નોંધ મંજુર થયેલ છે આમ પ્ર.વાદી નં.૬ નાઓએ કાયદેસરનો વેચાણ વ્યવહાર કરેલ છે અને તે સને ૧૦૭૨ ની સાલમાં કરેલો વ્યવહાર છે જેને વર્ષો બાદ હાલનો દાવો વાદીએ દાખલ કરેલ છે જેમાં પ્રતિવાદી નં.૬ નો કબજો ભોગવટો માલિકી હકકે ચાલતો આવેલ છે જે અંગે મનાઈ હુકમ આપવામાં આવે તો પ્ર.વાદી નં.૬ ને નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે જેથી સદર મનાઈ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૪)** હાલની મનાઈ અરજી કરી વાદીએ પોતાની મનાઈ અરજીના પેરા નં. ૧૪ માં જણાવ્યા મુજબની દાદ માગેલ છે.

**(૫)** ઉપર મુજબની હકીકત વાળી મનાઈ અરજીનાં ન્યાય, નિર્ણય માટે મારા સમક્ષ નિચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**—: મુ દ્દા ઓ :—**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું સગવડતા અને સમતુલાનું પલ્લું વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઈહુકમ ન આપવાથી વાદીને તેનો બદલો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ જણાવવામાં આવેલા છે.

**–: નિ ર્ણ યો :–**

મુદ્દા નંબરઃ– ૧ :– " નકારમાં ".

મુદ્દા નંબરઃ– ૨ :– " નકારમાં ".

મુદ્દા નંબર :–૩ :– " નકારમાં ".

મુદ્દા નંબરઃ– ૪ :– આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**(૭)** ઉપરોકત મુદ્દાના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

આ કામે મુદ્દા નં.૧ થી ૩ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલી હોય, હકીકતોનું પુનરાર્વતન ટાળવા માટે તથા સરળતા ખાતર મુદ્દા નં.૧ થી ૩ ના નિર્ણયોની ચર્ચા નીચે જણાવેલ કારણોમાં એક સાથે કરવામાં આવેલ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર ૧ થી ૩...**

**(૭.૧)** સદર કામે રેકર્ડ તેમજ તેને લગતા દસ્તાવેજી પુરાવાઓ અને વિ.વ.શ્રીની મૌખિક દલીલો ઘ્યાને લીધી. સદરહુ કામે રેકર્ડ પરની હકીકતો અને સંજોગો ઘ્યાને લેતા વાદીએ પોતાની આંક–૫ ની મનાઈ અરજીને લગત ઉપરોકત મુદ્દાઓ પોતાની તરફેણમાં પુરવાર કરવા પડે જેથી સદર કામે વાદીએ આંક–૪ થી પુરાવા લીસ્ટ

રજુ કરેલ છે જેમા નિશાની.૪/૧ થી મોજે મહુવડ તા. પાદરાની સીમના જુનો રે.સ.નં. ૬૩/૧ નવો ક્રમાંક નં.૧૧૫/ અ ના ૭/૧૨ ના સર્વે નં.૧૯૮૨–૮૩ થી ૧૯ ૮૬–૮૭ સુધીના ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૨ થી મોજે મહુવડ તા. પાદરાની સીમના જુનો રે.સ.નં. ૬૩/૧ નવો બ્લોક નં.૧૧૫/ અ નું ૭/૧ ૨ સને ૧૯૮૭–૮૮ થી ૧૯૯૪–૯૫ સુધીની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૩ થી મોજે મહુવડ તા. પાદરાની સીમના જુનો રે.સ.નં. ૬૩/૧ નવો બ્લોક નં.૧૧૫/ અ નું ૭/૧૨ સને ૧૯૯૬–૯૭ થી ૨૦૦૪–૨૦૦૫ સુધીની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/ ૧૦/૧૦ તથા નિશાની.૪/૪ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાના તલાટી કમ મંત્રી જુનો રે.સ.નં. ૬૩/૧ નવો બ્લોક નં.૧૧૫/અ ના ટ્રેસીગની ઝેરોક્ષ નકલ ૨૦/૧૨/૧૧ તથા નિશાની.૪/૫ થી મોજે મહુવડ તા. પાદરાની સીમના જુનો રે.સ.નં. ૬૩/૧ નવો બ્લોક નં.૧૧૫/ અ સને ૨૦૦૯ થી ૨૦૧ ૨ સુધી ૭/૧૨ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૨/૧૧ તથા ની.૪/૬ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાના સીમના ખાતા નં.૪૨૧ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ. ૧૫/૧ ૨/૧૧ તથા નિશાની.૪/૭ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાની સીમના ગામના નમુના નં.૬ ના પડેલ નોંધ નં.૧૦૭૫ તા.૧૦/૮/૭૧ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૮ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાની સીમના ગામના નમુના નં.૬ ના હકક પત્રકમાં પડેલ નોંધ નં.૧૩૦૮ તા.૧૫/૧૦/૦૮ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૯ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાની સીમના ગામના નમુના નં.૬ ના હકક પત્રક માં પડેલ નોંધ નં.૧૩૬૦ તા.૨૧/૫/૮૧ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૧૦ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાની સીમના ગામના નમુના નં.૬ હકક પત્રકની પડેલ નોંધ નં.૧૫૧૦ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા નિશાની.૪/૧૧ થી મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરાની સીમના ગામના નમુના નં.૬ હકક પત્રકમાં વારસાઈ અંગે પડેલ નોંધ નં.૨૦૮૩ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ ૨૮/૧૦/૧૦ તથા

ની.૪/૧૨ થી વાદી તરફે એડવોકેટશ્રી પી.એલ.દવેનાએ નાયબ કચેરીમાં થયેલ હુકમની નકલની માંગણી કરેલ તેની ઝેરોક્ષ ૬/૨/૧૨ તથા ની.૪/૧૩ થી કો.નં.કે.નં.૧/૮૩–૮૪ ની નકલ આપી શકાયછી તેમ નથી તે અંગેનો જવાબ નાયબ કલેકટરશ્રીની કચેરીમાંથી આપેલ તે ઝેરોક્ષ નકલ ૫/૭/૧૨ તથા ની.૪/૧૪ થી નાયબ કાર્યપાલક યોજના નર્મદા યોજના નહેર પેટા વિ.૨ નં.૧૦/૩ પાદરા ની કચેરીમાંથી જાવક નં.૨૬૨/૧૨ ની વાદીને આપેલ જવાબની ખરી નકલની ઝેરોક્ષ નકલ. તથા ની.૪/૧૫ થી આ કામના પ્ર .વાદીઓના વડીલે સૌ પ્રથમ આ કામની તકરારી મીલકત શરતે વેચાણ(ગીરો) આપેલ તે પાદરા સબ–રજી. માં નોંધાવેલ તેની નોંધણી નં.૧–૨૮ તા.૨૬/૨/૧૯૭૧ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ.૧૫/૨/૧૨ તથા ની.૪/૧૬ થી આ કામના પ્ર.વાદીઓના મૈયત વડીલે આ કામ તકરારી મીલકત અંગે પ્ર.વાદી નં.૬ ને પાકો વેચાણ દસ્તાવેજ કરેલ જેનો નોંધણી નં.૧૧૨૪/૯૯૩ થી થયેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલની ઝેરોક્ષ નકલ. ૭/૨/૧ ૨ તથા ની.૪/૧૭ આ કામના પ્ર.વાદીઓના વડીલોથી તકરારી મિલકત અંગે વેચાણ દસ્તાવેજ ની ઈન્ડેક્ષ ખરી નકલની ઝેરોક્ષ નકલ. ૨૪/૧/૧૨ તથા ની.૪/૧૮ થી ઓ. વાદીઓનું વડીલોના વખતથી ચાલી આવતુ સંયુકત પેઢીનામું રજુ કરેલ છે.

**(૭.૨)** પ્રતિવાદીનં.૬ તરફે આંક–૨૧ થી તથા પ્રતિવાદી નં.૧, ૨,૩,૪/૧, ૪/૨,૫ નાઓ તરફે દાવા તથા મનાઈ અરજીનો સયુંકત લેખિત જવાબ રજુ કરેલ છે તથા આંકઃ૨૦ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જેમાં ની.૨૦/૧ થી ફેરફાર પત્રકમાં કરેલી નોંધ અંગે કલમ ૧૩૫–ડી (૨) હેઠળ ની નોટીસ ૨૩/૭/૮૦ તથા ની.૨૦/૨ થી સચિવશ્રી,(વિવાદ) મહેસુલ વિભાગ ગુજરાત રાજય અમદાવાદ ફેરતપાસણીની અરજી લગત હુકમ ૨૨/૨/૧૯૮૩ તથા ની.૨૦/૩ થી ગામના નમુનો નં.૮–અ(જમીનની ખાતાવહી) ૪/૫/૨૦૧૨ તથા ની.૨૦/૪ થી ગામના નમૂના નં.૬ હકક પત્રક ૧૯/૭/૨૦૧૨ તથા ની.૨૦/૫ થી નાયબ કાર્યપાલક ઈજનેર,ગુ.જ.સં.પે.વિભાગ, વડોદરાનું પ્રમાણપત્ર ૧૪/૧૨/૧૯૮૩ તથા ની.૨૦/૬ થી અધ્યક્ષ સામાજિક ન્યાય સમિતિ તાલુકા પંચાયત

પાદરાનો પત્ર ૧૬/૩/૮૩ તથા ની.૨૦/૭ થી તલાટી કમ મંત્રી, મહુવડ ગ્રા.પંચાયત તા. પાદરાનો દાખલો ૧૬/૬/૮૩ તથા ની.૨૦/૮ થી નાયબ કાર્યપાલક ઈજનેર નર્મદા યોજના નહેર પેટા વિ.નં.૧૦/૩ પાદરા ૫/૬/૨૦૧૧ તથા ની.૨૦/૯ થી દસ્તાવેજના ઈન્ડેક્ષની નકલ તા.૨૩/૧/૨૦૧૨ તથા ની.૨૦/૧૦ હકક પત્રક ગામના નમૂના નં.૬ મોજે મહુવડ તા. પાદરા જી.વડોદરા ૨૦/૧૨/૭૮ તથા ની.૨૦/૧૧ નાયબ ઈજનેર મુ.જ.સ. વિભાગ ગુજરાત જળ સંમતિ વિભાગ વડોદરા સને ૮૫/૮૬ તથા ની.૨૦/૧૨ મહુવડ તા.પાદરા જિ.વડોદરાના સર્વે નં. ૬૩/૧ નો થયેલ પાકકો દસ્તાવેજ– ઝેરોક્ષ કોપી ૧૨/૭/૧૯૭૨ તથા ની.૨૦/૧૩ થી પેટા વિભાગ અધિકારી પાતાળકુવાનું લીધેલ સિંચાઈના પાણીનો પાસ ૧૧/૨/૮૫ તથા ની.૨૦/૧૪ થી ગામના નમૂના નં.૭/૧૨ મોજે મહુવડ તા.પાદરા જી.વડોદરા સને ૧૯૮૨ થી ૧૯૮૭ તા. ૧૧/૧૧/૧૦ તથા ની.૨૦/૧૫ થી ગામના નમૂના નં. ૭/૧૨ મોજે મહુવડ તા.પાદરા જી.વડોદરા સને ૧૯૮૭ થી ૧૯૯૬ ૧૧/૧૧/૧૦ તથા ની.૨૦/૧૬ થી ગામ નમુના નં.૭/૧૨ મોજે મહુવડ તા.પાદરા જી.વડોદરા સને ૧૯૯૭ થી ૨૦૦૪/૦૫ ૧૧/૧૧/૧૦ તથા ની.૨૦/૧૭ થી ગુજરાત ગ્રામ દેવાદાર રાહત અધિનિયમ ૧૯૭૬ દેવા પતાવટ અધિકારીશ્રી, પાદરાની નોટીસ ૧૫/૧૧/૭૮ રજુ કરેલા છે જે ઘ્યાને લીધેલી છે.

(૮) આ કામે વાદીઓના જો પ્રથમ દર્શનિય કેસની હકીકત જોવામાં આવે તો, વાદી તરફે ની.૪/૧ થી ની.૪/૩ તથા ની.૪/૫ થી તેમજ પ્રતિવાદી તરફે ની.૨૦/૧૪ થી ની.૨૦/૧૬ સુધી ગામ નમુના નં. ૭ અને ૧૨ ની નકલ રજુ થયેલ છે જેમાં માલિકી કબજા ભોગવટેદાર તરીકે પ્ર.વાદી નં.૬ અને વાદીઓના નામનો ઉલ્લેખ થયેલ છે જયારે ની.૪/ ૧૫ થી પ્રતિવાદી નં.૧ થી ૫ ના મૈયત પિતાએ પ્ર.વાદી નં.૬ ને દાવાવાળી મીલકત શરતી વેચાણ ખતને આધારે દશ વર્ષ માટે ગીરોખતથી આપેલી તે રજુ થયેલ છે અને સદર વેચાણ લેખ પાદરા સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે નોંધણી થયેલ છે ની.૪/૧૬ થી સદર દાવાવાળી મીલકત અંગે વેચાણ લેખ રજુ થયેલ છે અને જે વેચાણ લેખ અન્વયે દાવાવાળી

મીલકત પ્ર.વાદી નં. ૧ થી ૫ ના મૈયત પિતાએ પ્ર.વાદી નં.૬ ને કાયદેસર રીતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે જેમાં સાક્ષી તરીકે પ્ર.વાદી ૧ થી ૫ ના મૈયત પિતા તથા વાદીઓના મૈયત પિતાના નામનો ઉલ્લેખ થયેલ છે તેમજ પ્ર.વાદી નં. ૧ થી ૫નાઓએ આંકઃ૨૪ થી લેખીત જવાબ રજુ કરેલ છે તેમાં પણ તેમના મૈયત પિતાએ તેમજ વાદીના મૈયત પિતાએ સાક્ષી તરીકે સહી કરેલી તેમ જવાબમાં જણાવેલ છે અને પોતે તે અંગે અજાણ છે તેમ જણાવેલ છે.

**(૮.૧)** સદર કામે નોંધ નં.૧૩૦૮ જે ની.૪/૮ થી રજુ થયેલ છે જે નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રક માં દાખલ કરાવતા એકત્રીકરણની સ્કીમ લાગુ પડતી હોવાના કારણે તે નોંધ નામંજુર કરવામાં આવેલી અને ત્યારબાદ ની.૪/૯ થી નોંધ નં.૧૩૬૦ કે જે તારીખઃ ૨૭/૫/૧૯૮૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને તેમાં વેચાણ વ્યવહાર રદ્દ કરેલાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જયારે ની.૪/૧૦ થી નોંધ નંબર ૧૫૧૦ તા.૨૧/૫/૨૦૦૪ ના રોજ મંજુર કરવામાં આવેલ છે તેમાં પ્રતિવાદી નં.૧ થી ૫ના મૈયત પિતાએ પ્ર.વાદી નં. ૬ ને દાવાવાળી મીલકત અંગેનો વેચાણનો વ્યવહાર કરેલો તે વ્યવહાર એકત્રીકરણની સ્કીમ આવતા અગાઉ થયેલ છે જેથી વેચાણ વ્યવહાર માન્ય રાખેલ છે આમ સદર નોંધથી નોંધ નં. ૧૩૦૮ તથા નોંધ નં.૧૩૬૦ અમલમાં રહેતી નથી. તેમજ નોંધ નં. ૧૩૦૮ જે નીશાની ૪/૮ થી રજુ થયેલ છે તેમાં ભાઈઓ ભાગની વહેંચણી છે સદર દાવાવાળી મીલકત દલપતસંગ રાયસંગ એટલે કે પ્ર.વાદી નં. ૧ થી ૫ ના મૈયત પિતાના ભાગે આવેલ છે તે બાબતનો ઉલ્લેખ કરેલ છે. જયારે ની.૪/૭ થી ગામ નમુનો નં. ૬ હકક પત્રક રજુ થયેલ છે જેમાં તા.૧૦/૮/૭૧ ના રોજ ભાઈઓ ભાગની વહેંચણીનો ઉલ્લેખ થયેલ છે તેમાં પ્ર.વાદી નં.૧ થી ૫ ના મૈયત પિતા એટલે કે દલપતસંગ રાયસંગ સીસોદીયાના નામનો ઉલ્લેખ થયેલ નથી.

**(૮.૨)** આમ, ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું અને તેને અન્વયે ઉભય પક્ષકારોની દલીલોનું મુલ્યાંકન કરવામાં આવે તો ની.૪/૧૫ થી તા.૨૬/૨/૧૯૭૧ ના

રોજ કરવામાં આવેલ શરતી ગીરોખતનું લખાણ રજુ થયેલ છે અને ની.૪/૧૬ થી તારીખઃ ૧૨/૫/૧૯૭૨ ના રોજ સદર શરતી વેચાણ ખતને આધારે સંપૂર્ણ વેચાણખત કરવામાં આવેલ છે અને બન્ને દસ્તાવેજો પાદરા સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે કાયદેસર રીતે નોંધણી થયેલ દસ્તાવેજો છે. ની.૪/૧૬ થી રજુ થયેલ વેચાણખતમાં પ્રતિવાદી નં.૧ થી ૫ ના મૈયત પિતા તથા વાદીઓના મૈયત પિતાના નામનો સાક્ષી તરીકે ઉલ્લેખ થયેલ છે જેથી સદર વેચાણ અંગેનો વ્યવહાર વાદીઓના મૈયત પિતા તથા પ્ર.વાદી નં.૧ થી ૫ ના મૈયત પિતાઓએ કાયદેસર રીતે સાક્ષી તરીકે હાજર રહી અને કરેલો કાયદેસરનો વેચાણનો વ્યવહાર હાલના તબકકે માની શકાય છે અને ની. ૪/૭ થી ભાઈઓ ભાગની વહેંચણીની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રક માં કરવામાં આવેલ છે તે નોંધ તા.૧૦/૮/૭૧ ના રોજ કરવામાં આવેલ છે જયારે શરતી વેચાણ લેખ સદર વહેંચણી પહેલા એટલે કે તારીખઃ ૨૬/૨/૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ છે. જયારે ની.૪/૧૦ થી નોંધ નં.૧૫૧૦ તા. ૨૧/૫/૨૦૦૪ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને તેમાં પ્ર.વાદી નં.૧ થી ૫ ના મૈયત પિતાએ પ્ર.વાદી નં.૬ ને કરેલ વેચાણ અંગેનો કરેલો વ્યવહાર માન્ય રાખેલ છે અને તે અન્વયે પ્ર.વાદી નં. ૬નું નામ રેવન્યુ રેકર્ડે કાયદેસર રીતે દાખલ થયેલ છે. જયારે રજુ થયેલ ની.૪/૧ થી ૪/૩ તથા ની.૪/૫ તેમજ ની.૪/૬ થી અનુક્રમે ગામ નમુના નં. ૭ અને ૧૨ તથા ગામ નમુના નં.૮ અ ની નકલ રજુ થયેલ છે જેમાં વાદીઓ તથા પ્ર.વાદી નં. ૬ નો માલિકી કબજે ભોગવટેદાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**(૮.૩)** સદર કામે રેવન્યુ રેકર્ડે કાયદેસર રીતે વેચાણખતના આધારે પ્ર.વાદી નં.૬ નું નામ દાખલ થયેલ છે અને હાલના કામે રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે તેમાં વાદી અને પ્ર.વાદી નં.૬ નો કાયદેસરનો માલિકી કબજો ભોગવટો દર્શાવેલ છે જે અંગે લેન્ડ રેવન્યુ કોડની કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેતા રેવન્યુ રેકર્ડની નોંધો નું ખંડન કરવામાં ન આવે ત્યાંસુધી સદર નોંધ કાયદેસર રીતે કરવામાં આવેલી છે તે બાબતનુ અનુમાન કરવાનુ રહે છે. આમ, સદર કામે દાવાવાળી મીલકતમાં વાદી અને પ્ર.વાદી નં. ૬ નો

સંયુકત માલિકી કબજો ભોગવટો દર્શાવેલ છે. અને સદર મીલકત અંગેનો વેચાણનો વ્યવહાર સને ૧૯૭૨ ની સાલમાં કરવામાં આવેલ છે અને હાલનો દાવો સને ૨૦૧૨ ની સાલમાં વાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ છે તેમજ પ્ર.વાદી નં. ૬ નું નામ રેવન્યુ રેકર્ડે વર્ષોથી ચાલતુ આવેલ છે જે અંગેની સમય મર્યાદા બાબતે વાદી તરફથી કોઈ ખંડન કરવામાં આવેલ નથી આમ દાવાવાળી મીલકતમાં પ્ર.વાદી નં.૬ નો હકક અધિકાર રહેલ નથી તે બાબત વાદી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું. આમ વાદી પોતાનો પ્રથમ દર્શનિય રીતે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય સગવડ અગવડની સમતુલા એટલે કે, કે બેલેન્સ ઓફ કન્વીયન્સ પણ વાદી પોતાની તરફેણમાં પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપુ છું. આમ વાદી પોતાનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવામાં તેમજ બેલેન્સ ઓફ કન્વીયન્સ એટલે સગવડ અગવડની સમતુલા પણ વાદી પોતાની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જો વાદીને કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો હાલના તબકકે સદર દાવાવાળી મીલકતમાં વાદી તથા પ્રતિવાદી નં.૬ ના સંયુકત માલિકી કબજો ભોગવટો આવેલો હોય વાદીઓને નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ જણાય આવતુ ન હોય મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપુ છું. આમ ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચાને અનુસંધાને મુદ્દા નં. ૪ બાબતેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) વાદીઓની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૨૨/૦૨/૨૦૧૩નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૨/૦૨/૨૦૧૩

પાદરા

**(પી.બી.નાયક)**
પ્રિન્સિપાલ સીવીલ જજ , પાદરા.